**રાજકોટના મહે. ૯ માં અધિક જ્યુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નં..૧૪૩૮૮/૨૩**
**આંક–.....**

**ફરીયાદી – સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી – . સીકંદર અલ્તાફ આમરોણીયા**

**ગુન્હો :– પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)(બી) તથા ૮૫(૧)**

**:: જજમેન્ટ ::**

**(૧)..**સદરહું ગુનાનાં કામે ચાર્જશીટ તથા સંલગ્ન દસ્તાવેજોનો અભ્યાસ કરતા આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:–૬૬(૧)(બી) મુજબનાં આવશ્યક તત્વો જણાઈ આવતા હોય જે મુજબનું સંજ્ઞાન લઈ આરોપી વિરૂધ્ધ કાર્યવાહી કરવાનો હુકમ આંક:–૧ ની નીચે કરવામાં આવેલ છે જે મુજબ આરોપીને સમન્સ કરતા તેઓ કોર્ટ રૂબરૂ વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાતરી કરી આરોપી વિરૂધ્ધ આંક–...... થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલી છે.

**(૨)..** અત્રેની અદાલતે આરોપીને સજાની જોગવાઈઓ અંગે સમજાવતા છતા તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ આંક–..........થી ગુના કબુલાતની પુરશીશ આપી જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે, અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી અમો છુટક મજુરી કામ કરીએ છીએ અમોને મજુરી કામ દરરોજ મળતુ નથી અમો અમારા કુટુંબમાં એક જ કમાનાર સભ્ય છીએ. અમારા બાળ બચ્ચા તથા અમારા કુટું

બના ભરણ પોષણની જવાબદારી અમારા ઉપર રહેલી છે. અમો ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરીશુ નહી તેવી ખાત્રી આપીએ છીએ જેથી અમારી સામાજીક તથા આર્થિક પરિસ્થિતીને ધ્યાનમાં રાખી અમારી ઉપર રહેમરાહ રાખવા અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી વગર પાસ પરમીટના દારૂનો નસો કરી જાહેર સ્થળ ઉપરથી લથડીયા ખાતા પકડાયેલ છે જેથી આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૮૫(૧) મુજબના ગુનાનુ તહોમત મુકવામાં આવેલ છે.

(૪) આ કામે પોલીસ દવારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પંચનામુ, સાહેદોના નિવેદનો, મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ લોહીના નમુનાનું પ્રમાણપત્ર ધ્યાને લેતા આરોપીએ ગુનો કરેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે કલમ ૬૬(૧)(બી) હેઠળનો ગુનો કરવાનું જણાઈ આવે છે. જે ચાર્જશીટ, પોલીસ પેપર્સ, પંચોના નિવેદનને સત્ય માનવામાં આવે તો પણ આરોપી સામે કલમ ૮૫ ના આવશ્યક તત્વો ફલીત ન થવાનું આ અદાલતનો અભિપ્રાય છે. જેથી કોર્ટ દવારા આ કામના આરોપી વિરૂધ્ધ આંક–૦૧ હેઠળ હુકમ કરી પ્રોહી. એકટની કલમ–૮૫ મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જ જણાઈ આવતો ન હોય આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:–૬૬(૧)(બી) મુજબનું સંજ્ઞાન લઈ કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૫) આરોપી વિરૂધ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી દવારા રજુ કરવામાં આવેલ આંક–PPPPPPPPPની ગુના કબુલાત પુરશીશ વંચાણે લેતા તેમા જણાવેલ કારણો ધ્યાને લેતા તેમજ આરોપીની મારી સમક્ષ રૂબરૂ નિરીક્ષણ કરતા આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે. તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુંક તથા સામાજીક જવાબદારી ધ્યાને લેતા તથા રેકર્ડ વંચાણે લેતા

આ આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય આવે છે. જેથી મારૂ નમ્રપણે માનવુ છે કે, આરોપી ઉપર રહેમરાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી શકે અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે. તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાય અને ઉચિત માનુ છું.

(૬) આમ આરોપીની કબુલાત પુરશીશ તથા આરોપીના સામાજીક સંજોગો ધ્યાને લેતા કાયદાએ સુચવેલ નિમ્નતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને પ્રબળ કારણો જણાય છે જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો તેવુ હું નમ્ર પણે માનું છું. આરોપીની સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

(૭).. વધુમા આરોપીના કેસ જોતા ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોના કેસમા ૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉ ૨૫૨ પ્ર કાશીત ચુકાદામા માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે જેથી આરોપીને સુધરવાની તક મળે તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

**:: <u>હુકમ</u> ::**

આ કામના આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૧૦૦/– (સો રૂપીયા પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડના ભરે તો દિન–૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તારીખ : ૧૪ મી, માંહે : સપ્ટેમ્બર , સને :

૨૦૨૪ના રોજ લોકઅદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ: ૧૪/૦૯/૨૦૨૪
લોકઅદાલત

**( ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી )**
૯ માં એડી. ચીફ જયુડી. મેજી., રાજકોટ
**U.I.C. NO. GJ01748**